અપીલ અરજી નં.૨૬૮ તા.૨૬–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અશોક પ્રેમજીભાઈ કટાંરીયા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશોક પ્રેમજીભાઈ કટાંરીયાની તા.૨૭–૧૦–૧૦ ની અરજીથી ૯૮–૯૯–૧૦૦.ખોડીયાર સોસાયટી.શ્રી સિધ્ધિવિનાયક મંદિર સામે, રામદેવ પેટ્રોલપંપની બાજુમાં કિન્નરી રોડ ,ભાઠેના સુરત ચાલી રહેલા બાંધકામની મંજુર કરેલા પ્લાનની રજા ચિઠ્ઠી સાથેની આજ દિન સુધીની તમામ વિગતો માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૬૮/૨૦૧૦–૧૧

શ્રી અશોક પ્રેમજીભાઈ કટાંરીયાની તા.૨૭–૧૦–૧૦ ની અરજીથી ૯૮–૯૯–૧૦૦.ખોડીયાર સોસાયટી. શ્રી સિધ્ધિવિનાયક મંદિર સામે , રામદેવ પેટ્રોલપંપની બાજુમાં કિન્નરી રોડ ,ભાઠેના સુરત ચાલી રહેલા બાંધકામની મંજુર કરેલા પ્લાનની રજા ચિઠ્ઠી સાથેની આજ દિન સુધીની તમામ વિગતો માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૩ તા.૧–૧૨–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો જણાવેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેરમાહિતી અધિકારી લીંબાયત ઝોન તરફથી પત્ર નં. સા.ઈ.ઝોન મહેકમ આ.નં. ૩૨૯૪ તા.૧૬–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પુરક વિગતોનો અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. સા.ઈ. મહેકમ ૩૨૮૩ તા. ૧૬–૧૨–૧૦ ના પત્ર ની નકલ તથા તેના પોષ્ટ કર્યાના પુરાવાની નકલ ટી.ડી.ઓ.નં. ૩૧૧ તા.૧૨–૮–૮૫ આપેલ રજાચિઠ્ઠીની નકલ, અરજદારની મુળ અરજી ની નકલ , નોંધ વિભાગ તથા અરજદરને આપેલી માહિતી અંગે સા.ઈ.ઝોન મહેકમ ૩૧૦૨ તા.૩૦–૧૧–૧૦ ની પત્રની નકલ તથા તે પોષ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૭–૧૦–૧૦ ની અરજી થી ઉપરોકત વિષયના નિર્દિષ્ઠ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને કરવામા આવેલ જે બાબતે અરજદારે તા. ૨૬–૧૧–૧૦ ના રોજ માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ ,પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી દિન –૫ ના વિલંબથી પત્ર નં. સા.ઈ.ઝોન મહેકમ /૩૧૦૨ તા.૩૦–૧૧–૧૦ થી અરજદારને સદર વિષય વાળી અરજીથી માગેલ માહિતી અન્વયે " જણાવેલ મિલ્કત ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા) ફા.પ્લો.નં. ૧૪૯મા સમાવિષ્ટ છે.સદરહુ મિલ્કતમા ટી.ડી.ઓ. નં. ૩૧૧ તા.૧૨–૮–૮૫ થી બાંધકામ કરવાની પરવાનગી આપવામા આવેલ છે.હાલમા લીંબાયત ઝોન ખાતેથી કોઈ વિકાસ પરવાનગીની અરજી કાર્યવાહી હેઠળ નથી કે એવી કોઈ મંજુરી આપવામા આવેલ નથી. " તેવું જણાવેલ છે. વધુમા જાહેર માહિતી અધિકારીએ પુરક વિગતોનો પત્ર નં. સા.ઈ.ઝોન મહેકમ ૩૨૮૩ તા. ૧૬–૧૨–૧૦ થી અરજદારને રજાચિઠ્ઠી ની વિગતો સાથેની પાના નં. ૧થી ૪ની નકલો વિનામૂલ્યે પુરી પાડવામા આવેલ છે. આમ અરજદરને માગવામા આવેલી માહિતી પુરી પાડેલી જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અશોક પ્રેમજીભાઈ કટાંરીયા,